જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૦૮/૨૦૨૩ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નરોડા પો.સ્ટે. વિસ્તારમાં આવેલ રણાસણ ટોલ પ્લાઝાથી આગળ રોડ ઉપરથી ખોટા નંબર પ્લેટવાળી આઈસર ટ્રકમાંથી વિદેશી દારુની બોટલો તથા ટીન બીયર મળી નંગ-૫૪૯૬(૧૭૯ પેટી) કિ.રૂ.૮,૦૦,૪૦૦/- મળી કુલ્લે રુપિયા ૧૪,૦૫,૮૦૦/ નો મુદામાલ સાથે એક આરોપીને ઝડપી પાડતી પી.સી.બી.

પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિક સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે આધારે તા.૩૦.૦૮.૨૩ ના રોજ રાત્રે પી.સી.બી.ના પોલીસ સબ ઈન્સપેક્ટર શ્રી વી.જી.ડાભી તથા સ્ટાફના મ.સ.ઈ. મહંમદયુનુસ અસગરઅલી બ.ન.૮૨૧૯, મ.સ.ઈ.ચેતનકુમાર હિતેષભાઈ બ.ન.૧૩૫૩૮, અ.હે.કો.પરાક્રમસિહ ભગવાનભાઈ બ.ન.૪૫૭૪, અ.હે.કો.નરેન્દ્રકુમાર મેરુભાઈ ૪૮૯૯, આ.હે.કો. મહેન્દ્રકુમાર ઉદેસંગભાઈ બ.ન.૪૮૯, અ.હે.કો. ઈન્દ્રસિહ પ્રવિણસિંહ બ.ન.૪૮૯૭, અ.પો.કો. પ્રવીણસિંહ દેવેન્દ્રસિંહ બ.ન.૪૮૯૭, અ.પો.કો.પાર્થકુમાર કેતનભાઈ બ.ન.૩૯૬૧, તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમા હતા, દરમ્યાન મ.સ.ઈ. ચેતનકુમાર હિતેષભાઈ તથા આ.હે.કો.મહેન્દ્રકુમાર ઉદેસંગભાઈ નાઓને સંયુક્તરીતે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે સરદાર પટેલ રિંગરોડ ઉપર આવેલ રણાસણ ટોલ ટેક્ષની આગળ ઓઢવ તરફ જતા જાહેર રોડ ઉપરથી વિદેશીદારુ તેમજ ટીન બીયર ભરેલ ખોટા નંબર પ્લેટ વાળી આઈસર ટ્રક નંબર DL-1-LW-7241 માં ભરેલ વિદેશીદારૂ ની બોટલો તથા ટીનબીયર મળી નંગ ૫૪૯૬ (૧૭૯ પેટીઓ) કિ.રૂ.૮,૦૦,૪૦૦/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૧૪,૦૫,૮૦૦/-ના મુદામાલ સાથે ટ્રક ડ્રાયવર આરોપી રાજેન્દરસિંઘ ઉમેદસિંઘ જાટ રહે.ગામ- જાખોદા, તહેસીલ- બહાદુરગઢ, થાના- હાસોદા જીલ્લો- ઝઝર, હરીયાણા નાને પકડી તેની તેમજ અન્યો વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી નરોડા પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૩૫૨૩૧૫૧૦/૨૦૨૩ પ્રોહિ એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ),૧૧૬(૧)(બી),૮૧,૮૩,૯૮(૨) તથા ઈપીકો ૪૬૫,૪૬૮,૪૭૧ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**નોંધ:** આ કામે પકડાયેલ આરોપી આઈસર ટ્રકના સાચા રજીસ્ટ્રેશન નંબર HR-63-D-8895 ની જગ્યાએ રજીસ્ટ્રેશન નંબર DL-1-LW-7241 ની ખોટી નંબર પ્લેટ લગાડી તેનો દારુની હેરાફેરી કરવામા ઉપયોગ કરતો હતો.

## પકડાયેલ આરોપી :

(૧) રાજેન્દરસિંઘ ઉમેદસિંઘ જાટ રહે.ગામ- જાખોદા, તહેસીલ- બહાદુરગઢ, થાના- હાસોદા જીલ્લો- ઝઝર, હરીયાણા

## વોન્ટેડ આરોપીઓ :

(૧) સાવન નાથુભાઈ દીદાવાલા (છારા) (૨) નીતીન નાથુભાઈ દીદાવાલા (છારા) બન્ને રહે.મહાજનીયાવાસ, સરદારનગર અમદાવાદ (૩) અજીત રાણા રહે.અમદાવાદ (૪) લલીતકુમાર રહે.હરીયાણા તથ પોલીસ તપાસમા નિકળે તે

## ગુનાની જગ્યા :

સરદાર પટેલ રિંગરોડ ઉપર આવેલ રણાસણ ટોલ ટેક્ષની આગળ ઓઢવ તરફ જતા જાહેર રોડ

## પકડાયેલ મુદામાલ :

(૧) વિદેશી દારુની બોટલો નંગ ૪૨૨૪ તથા ટીન બીયર નંગ ૩૬૦ મળી કુલ્લે નંગ ૫૪૯૬ (૧૭૯ પેટીઓ) કિ.રૂ.૮,૦૦,૪૦૦/- (૨) આઈસર ટ્રક કિ.રૂ.૬,૦૦,૦૦૦/ (૩) મોબાઈલ ફોન નંગ ૧ કિ.રૂ. ૫,૦૦૦/- તથા રોકડા નાણા ૪૦૦ રુપિયા (૬) ટ્રકની આરસીબુક કિ.૦૦ (૭) ટોલટેક્ષ ભરેલ કાગળ કિ.૦૦ મળી કુલ્લે રુપિયા ૧૪,૦૫,૮૦૦/- મત્તાનો મુદામાલ

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૩૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૧૫૦ લીટર દેશી દારૂ, ૩૨૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૫૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૭૦ બિયર ટીન, ૧ સ્કુટર, ૧ મોટર સાયકલ અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧૧ કેસ કરી, ૪૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૭૭,૦૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૩૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૧૪૩૨/૨૦૨૩

**માધવપુરાઃ** રંજનબહેન વા/ઓ ગીરીશભાઇ ભટ્ટ (ઉ.વ.૬૮)(રહે.વૃદાવન હાઇટસ ગોદરેજ ગાર્ડન સીટી જગતપુર ચાંદખેડા) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૮/૨૦૨૩ બપોરના ૩/૧૫ થી ૪/૧૫ વાગ્યા દરમ્યાન ગોદરેજ ગાર્ડન સીટી એ.એમ.ટી.એસ બસ સ્ટોપ થી દીલ્હી દરવાજા એ.એમ.ટી.એસ.બસ સ્ટેન્ડ સુધીની બસની મુસાફરી દરમ્યાન એ.એમ.ટી.એસ બસમાં રંજનબહેન ભટ્ટની નજર ચુકવી અજાણી વ્યક્તિએ રંજનબહેન ભટ્ટના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૫૫,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.કે.ખાંટ ચલાવે છે.

## સોનાની ચેઈન ઝુટવી લઈ ગયોઃ- સમાચાર યાદી નં.૧૪૩૩/૨૦૨૩

**મણીનગરઃ** દીપાલીબહેન વા/ઓ પ્રિતેશભાઇ શાહ (ઉ.વ.૩૫)(રહે.માતૃવાટીકા એસ.પી.રીંગ રોડ પાસે હાથીજણ) તા.૨૯/૦૮/૨૦૨૩ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પતિ સાથે સ્કુટર ઉપર બેસી મણીનગર રેલ્વે ક્રોસીંગ આગળ સ્વામિનારાયણ મંદિર સામે બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ દીપાલીબહેન શાહના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૫,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ દીપાલીબહેન શાહે મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.ગૌસ્વામી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૪૩૪/૨૦૨૩**

**"એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** ઈમ્તિયાજાખાન અમીરખાન પઠાણ (ઉ.વ.૪૦) (રહે.એફ.એમ.રેસીડન્સી કુજેલપાર્કની બાજુમાં આઈસા મસ્જીદ ફતેવાડી સરખેજ)એ "એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૮/૨૦૨૩ બપોરના ૧/૧૫ વાગ્યાના સુમારે પત્ની રૂકશાનાબાનુ (ઉ.વ.૩૬) ને એક્ટીવા પાછળ બેસાડી જુહાપુરા ચાર રસ્તાથી સરખેજ તરફ જતા ગુલઝાર પાર્ક ગેટ નંબર-૧ સામેથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે આયસર ટ્રક નંબર એમએચ ૧૮ બીજી ૭૧૯૧ ના ચાલક ચુનીલાલ દીના ચવ્હાન (રહે. ગામ-નાદરખે તા.જી.-નંદુરબાર મહારાષ્ટ્ર) એ આયસર ટ્રક પુરઝડપે અને બેદરકારીથી ચલાવી એક્ટીવાને ટક્કર મારતા ઈમ્તિયાજાખાન પઠાણ તેમજ તેમના પત્ની રૂકશાનાબાનુ પડી જતા ઈમ્તિયાજાખાન પઠાણના પત્ની રૂકશાનાબાનુને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે આમેના ખાતુન સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ રૂકશાનાબાનુને મૃત જાહેર કર્યા હતા. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એચ.જી.કટારીયા ચલાવે છે.

ઉપરોકત ગુનાના કામે આયસર ટ્રક નંબર એમએચ ૧૮ બીજી ૭૧૯૧ ના ચાલક ચુનીલાલ દીના ચવ્હાન (રહે. ગામ-નાદરખે તા.જી.-નંદુરબાર મહારાષ્ટ્ર) ને અટક કરવામાં આવેલ છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૩૫/૨૦૨૩**

**નરોડાઃ** સોમાજી લાલાજી મારવાડી (ઉ.વ.૪૬) (રહે. મફતનગરનાં છાપરાં ભારત પેટ્રોલ પંપ પાસે નરોડા) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૮/૨૦૨૩ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતમાં લગાવેલ હુક સાથે દોરી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશકુમાર સુકાભાઇ ચલાવે છે.

**બાપુનગરઃ** મહાવીરસિંહ નરેન્દ્રસિંહ જાડેજા (ઉ.વ.૨૫) (રહે. જગતનગર વિભાગ-૦૨ ઇન્ડીયા કોલોની રોડ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૮/૨૦૨૩ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને બાપુનગર સ્ટાર હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૩૦/૦૮/૨૦૨૩ બપોરના ૧/૧૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એસ.રાવલ ચલાવે છે.

**ઓઢવઃ** આનંદીબહેન વા/ઓ સુરેશભાઇ પરમાર (ઉ.વ.૬૪) (રહે. સમીરનગર મહેશ્વરીનગર વિભાગ-૨ તક્ષશીલા સ્કુલ પાસે ઓઢવ) એ બિમારીથી કંટાળી તા.૨૯/૦૮/૨૦૨૩ સવારના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને બાપુનગર જનરલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૩૦/૦૮/૨૦૨૩ બપોરના ૪/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.જાદવ ચલાવે છે.

**રામોલઃ** રંજીતાબહેન વા/ઓ ભરતભાઇ પરમાર (ઉ.વ.૪૩) (રહે. આશાનગર સોસાયટી ગોપાલ ડેરીના ખાંચામાં ગોરવ બંગ્લોઝ સામે સી.ટી.એમ રામોલ) (એસ.વી.પી.હોસ્પીટલમાં કોન્ટ્રાકમાં નર્સ તરીકે નોકરી કરતા) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૮/૨૦૨૩ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બાથરૂમમાં પોતાની જાતે પોતાના હાથ ઉપર ઈન્જેકશન લીધા હતા. જેની અસર થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતભાઇ મોહનભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી